# શહેરના શિવાલયોમાં ગૂંજ્યો 'હર હર મહાદેવ'નો નાદ

### સોમવારથી પ્રારંભ થયેલ શ્રાવણના પહેલા દિવસે શિવાલયોમાં ભાવિકો ઉમટી પડ્યા : જળ-દૂધ અને બિલીપત્રના અભિષેક સાથે પૂજા-આરતી : અનેક ઠેકાણે કોવિડ-૧૯ની ગાઇડલાઇન ભુલાઇ





ગાંધીનગર : તા.૯

આજે સોમવારના દિવસે પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો તે સાથે જ શહેરના શિવાલયોમાં શ્રદ્ધાળુઓ વહેલી સવારથી જ ઉમટી પડ્યાં હતાં અને 'ઓમ નમઃ શિવાય' તથા 'હર હર મહાદેવ'ના નાદથી શહેરના શિવાલયો ગૂંજી ઉઠ્યા હતા. ભાવિકોએ શિવલિંગ પર દૂધ, જળ અને બિલીપત્રનો અભિષેક કર્યો હતો. કોરોના મહામારીના લાંબા અંતરાલ પછી પવિત્ર શ્રાવણ માસમાં શ્રધ્ધાળુઓએ મંદિરમાં જઈને પૂજા-અર્ચના કરવાનો અવસર પ્રાપ્ત થયો હોવાથી ઉત્સાહમાં અનેક ઠેકાણે કોવિડ-૧૯ની ગાઈડલાઈન ભુલાવા જવા પામી હતી.

ગાંધીનગરમાં સેક્ટર-૨૨ ખાતેના પંચદેવ મંદિર અને સામે સેક્ટર-૨૧ના વૈજનાથ મહાદેવથી માંડીને સાબરમતી કિનારે સુપ્રસિદ્ધ ધોળેશ્વર મહાદેવ સહિત શહેરના શિવાલયોમાં આજે સવારથી જ "હર હર મહાદેવ" અને "ૐ નમઃ શિવાય" ના જાપ ગુંજી ઉઠ્યા હતા. સેક્ટર-૧૬માં સોમનાથ મહાદેવ હોય કે સેક્ટર-૪માં ઓમકારેશ્વર મહાદેવનું મંદિર હોય શ્રદ્ધાળુ શિવભક્તોમાં આનંદ-ઉત્સાહની લાગણી જોવા મળી હતી. આ ઉપરાંત પણ શહેરના અનેક મંદિરોમાં શ્રધ્ધાળુઓ પરિવાર સાથે દેવદર્શને હવે હોય તેવી સ્થિતિ પણ જોવા મળી હતી.

સવારના સમયે મોટાભાગના શિવાલયોમાં વિશેષ પૂજા-અર્ચના અને સાંજના સમયે શિવાલયોમાં સોમવારની વિશેષ આરતીના આયોજન કરેલા જોવા મળ્યાં હતાં. કોરોના મહામારીના કારણે લાંબા સમય સુધી પોતાના ઈષ્ટદેવના મંદિરોથી અળગા રહેલા ભાવિકો પવિત્ર શ્રાવણ માસમાં જાણે ચારેકોર વ્યાપેલી નિરાશા અને મુશ્કેલીમાં માર્ગ શોધવા પ્રભુના શરણે આવ્યા હોય તેવી રીતે પ્રાર્થના કરતા જોવા મળ્યાં હતાં. શહેરના નાગરિકોએ મહામારીના કપરા કાળ દરમ્યાન અત્યંત વિષમ પરિસ્થિતિનો સામનો કર્યો છે અને હજુ પણ સંભવિત ત્રીજી લહેરની આશંકા વચ્ચે પરમાત્માને જ એકમાત્ર શરણું માને ઝડપથી આ કપરા કાળમાંથી મુક્તિ મળે તેવી પ્રાર્થના પ્રભુ સમક્ષ વ્યક્ત કરી હતી.

## જિલ્લાના ૩ લાખથી વધુ બાળકોને ડીવોર્મિંગ-ડે ની ઉજવણીમાં આવરી લેવાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં આજે ડી-વોર્મિંગ ડે ની ઉજવણી કરવામાં આવશે. એક સપ્તાહ સુધી આ અંગેની ઉજવણી કરાશે.

બાળકોમાં દેખાતા પાંડુરોગને નાથવા માટે વર્ષમાં બે વાર કૃમિનાશક દવા સરકાર દ્વારા આપવામાં આવે છે. જિલ્લામાં ૩,૩૫,૬૭૯ બાળકોને એલબેન્ડાઝોલ ગોળી આપવામાં આવનાર હોવાનું જિલ્લાતંત્રની યાદીમાં જણાવાયુ છે. ૧ થી ૧૯ વર્ષની વય ધરાવતા બાળકોને આ અભિયાનમાં આવરી લેવામાં આવનાર છે.

તંત્રની યાદીમાં જણાવ્યાનુસાર આ ગોળી એકદમ સુરક્ષિત ગોળી છે અને તેની કોઈ આડ અસર થતી નથી. ૧૦ મીથી ૨૦ મી સુધી ચાલનારા આ અભિયાન માટે દવાનો જથ્થો તમામ કેન્દ્રો પર પહોંચાડી દેવામાં આવ્યો હોવાનું પણ આ યાદીમાં જણાવાયુ છે.

૧ થી ૨ વર્ષના બાળકોને એસ એલબેન્ડાઝોલ ૨૦૦ એમજી ખાવાની ગોળી અને ૨ થી ૧૯ વર્ષના બાળકોને ૪૦૦ એમજી ખાવાની ગોળી આપવામાં આવશે. બાળકોને આ ગોળી ચાવીને ખાવાની હોય છે તેમ પણ આ યાદીમાં જણાવ્યુ છે.

## જિલ્લાના કૃષિક્ષેત્રે ૨૦૧૮ની સ્થિતિનું પુનરાવર્તન થવાની દિશા તરફની ગતિ : વરસાદ ખેંચાતાં સ્થિતિ વિકટ

### ૨૦૧૮માં ૯મી ઓગષ્ટ સુધીમાં માત્ર ૧૯.૨૭ ટકા વરસાદ થયો હતો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા ૨૦૧૮ના વર્ષનું પુનરાવર્તન થવાની દિશામાં ચોમાસુ આગળ વધતાં ખેડૂતોની ચિંતા વધી છે એટલુ જ નહિ જિલ્લાના અર્થતંત્ર સામે પણ પરિસ્થિતિ પડકારજનક બની રહી છે.

જિલ્લામાં વરસાદ ખેંચાતા પરિસ્થિતિ ચિંતાજનક વળાંક પર આવીને ઉભી હોવાનું તંત્રના સૂત્રો આડકતરો સંકેત આપી રહ્યાં છે. જ્યારે ખેડૂતો કહે છે કે ૨૦૧૮ના વર્ષનું પુનરાવર્તન થશે તો ખેડૂત બિચારો બની જશે અને તેની સીધી અસર જિલ્લાના અર્થતંત્ર પર જોવા મળશે.

૨૦૧૮માં જિલ્લામાં આજ સમયગાળામાં ૧૯.૨૭ ટકા સિઝનનો વરસાદ નોંધાયો હતો અને ખેતી પર વિપરીત અસરો પડી હતી.

૨૦૧૯ અને ૨૦૨૦માં વરસાદ સારો થતાં ખેતીમાં સુધારો જરૂર નોંધાયો હતો.

૨૦૧૮માં ૯મી ઓગષ્ટ સુધીમાં માત્ર ૧૯.૨૭ ટકા વરસાદ થયો હતો. જિલ્લાના ત્રણ તાલુકામાં વાવણીલાયક વરસાદ થયો હતો. મળતી વિગતો પ્રમાણે ૨૦૧૮ના વર્ષમાં દહેગામમાં ૧૯૫ મી.મી., ગાંધીનગરમાં ૧૬૩ મી.મી., કલોલમાં ૧૬૮ મી.મી. અને માણસામાં ૭૯ મી.મી. વરસાદ થયો હતો. જે સિઝનનો સરેરાશ ૧૫૧ મી.મી. વરસાદ હતો.

૨૦૨૧ના આ વર્ષે જિલ્લામાં આજ તારીખ સુધીમાં ૨૫.૭૪ ટકા વરસાદ સિઝનનો થયો છે. દહેગામમાં ૧૨૪ મી.મી., ગાંધીનગરમાં ૧૭૪ મી.મી., કલોલમાં ૨૫૬ મી.મી. અને માણસામાં ૨૩૪ મી.મી. વરસાદ થયો છે.

૨૦૨૦ની તુલનામાં ૨૦ ટકાથી પણ વધુ ઘટ છે. પાકમાં પણ રોગ-જીવાતોનો ઉપદ્રવ થતાં ખેડૂતની ચિંતા વધવા લાગી છે.

જિલ્લામાં જુન મહિનામાં ૬૮ મી.મી. વરસાદ નોંધાયો હતો જ્યારે જુલાઈમાં ૧૨૨ મી.મી. અને ૯મી ઓગષ્ટ સુધીમાં માત્ર ૮ મી.મી. વરસાદ નોંધાયો છે. જિલ્લામાં આમ તો જુલાઈ માસમાં માત્ર બે દિવસ સારો વરસાદ થયો હતો આ પછી જિલ્લામાં હળવો વરસાદ થયો છે.

જિલ્લામાં ૫મી ઓગષ્ટે ૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. વરસાદ જે રીતે ગાયબ થયો છે તે ૨૦૧૮ની સ્થિતિનો સંકેત આપી રહેલ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ઓગષ્ટના અંત સુધીમાં સરેરાશ ૧૦ ઈંચ વરસાદ નહિ નોંધાય તો પછી ઉભી થયેલી પરિસ્થિતિ અંગે સરકારને તે અંગેનો રિપોર્ટ મોકલવામાં આવશે. અત્યારે તો ખેડૂત, તમામ લોકો અને તંત્ર વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

## ચૂસિયા પ્રકારની જીવાતો અને સુકારો દેખાતાં ખેડૂતોની ચિંતામાં વધારો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં સતત ભેજવાળુ વાતાવરણ તેમજ વાદળછાયુ આકાશ રહેતાં અને વરસાદની ખેંચને પગલે ખરીફ વાવેતરમાં ચૂસિયા પ્રકારની જીવાતો અને સુકારાનો રોગ દેખા દેતાં ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

જિલ્લામાં ખેડૂતો દ્વારા પિયત માટે પાણીની વ્યવસ્થામાં સતત દોડધામ કરતા નજરે પડી રહ્યા છે. ભૂગર્ભ જળના સ્તર નીચે જતાં પાણીના પિયત માટે પણ સમય વધુ ખેતરમાં આપવો પડી રહ્યો છે. શ્રમિકોની પણ અછત છે તેથી ખેડૂતોની ચિંતા વધવા પામી છે.

જિલ્લામાં સિંચાઈની સુવિધા ઓછી છે એટલુ જ નહિ આકાશી ખેતી પર ખેડૂત વધુ નિર્ભર હોવાથી અત્યારે પાકને પુરઝડપે બચાવવા માટે ખેડૂત દિવસ-રાત એક કરી રહ્યા છે. ખેડૂતોને પુરતા પ્રમાણમાં વીજ પુરવઠો મળે અને પાણી પુરા ફોર્સથી મળે તેવી જરૂરિયાત ખેડૂતોને સતાવી રહી છે.

કેટલાક વિસ્તારોમાં પિયતના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. વરસાદની કાગડોળે રાહ જોતા ખેડૂતો ચિંતાતુર બનેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

## અડાલજ કેનાલ અને સાબરમતી નદી પરના બ્રિજનુ નવું સ્ટ્રકચર ઉભું કરાશે

### ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી બન્ને જગ્યાએ નવો બ્રિજ બનશે

ગાંધીનગર તા ૯

ચિલોડા સરખેજ માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વયે રૂટમાં અંદાજિત ૧૧ જેટલા ફ્લાય ઓવર પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જયારે વિવિધ જંકશન પર ફલાય ઓવરના નિર્માણની સાથે અડાલજ નર્મદા કેનાલ અને ચિલોડા સાબરમત્તી બ્રિજને અનુલક્ષીને નવુ સ્ટ્રકચર પણ બનાવાશે. જયારે આ બન્ને બ્રિજના નવા સ્ટ્રકચર માટે અંદાજિત રૂ ૪૮ કરોડનો ખર્ચ કરાશે. જો કે ભારત સરકારમાંથી મંજુરી અપાયા બાદ આ બન્ને બ્રિજના સ્ટ્રકચરનુ કામ હાથ ધરાશે.

ચિલોડા સરખેજ માર્ગને સિકસલેન બનાવાની યોજના અન્વયે એક બાદ એક બ્રિજ તૈયાર થઈ રહ્યા છે. બે દિવસ અગાઉ જ ઘ-0 અને સરગાસણ ફલાય ઓવર તૈયાર થતા લોકાર્પણ પણ કરી દેવાયુ છે. ચિલોડા સરખેજ માર્ગના ૪૪ કી મીના રૂટમાં અંદાજિત ૧૧ ફલાય ઓવર બનાવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાંથી ૫ ફલાય ઓવર તૈયાર થઈ ગયા છે. જેનો ઉપયોગ પણ આમ નાગરિકોએ શરૂ કરી દીધો છે. જયારે હજુ પણ આ પ્રોજેકટ અન્વયે બે દરખાસ્ત દિલ્હી સરકાર પાસે પેન્ડીંગ છે. જેમાં અડાલજ નર્મદા કેનાલ તેમજ સાબરમત્તી બ્રિજને અનુલક્ષી નવા બે બ્રિજ તૈયાર કરાશે. હાલની સ્થિતિએ અડાલજ કેનાલ પર ચાર લેનનો બ્રિજ છે જેની પાસે બન્ને જગ્યાએ નવા ફોરટ્રેક બ્રિજ બનશે આમ બન્ને બ્રિજને અનુલક્ષી નવા બે બ્રિજ તૈયાર થશે જેથી સિકસલેન માર્ગની બાજુમાં આઠ ટ્રેક બ્રિજના લીધે આ વિસ્તારમાં વાહનોની અવરજવર સરળ અને સલામત બનશે. જેમાં અડાલજ કેનાલ પર બ્રિજ તૈયાર કરવા માટે અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરાશે. જયારે ચિલોડા પાસે સ્થિત સાબરમત્તી બ્રિજને અનુલક્ષીને પણ ૪૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે જો કે આ બન્ને ઓવરબ્રિજના નવા સ્ટ્રકચર તૈયાર કરવાની દરખાસ્ત ભારત સરકારમાં પેન્ડીંગ છે. દરખાસ્તને મંજુરી અપાયા બાદ હાલના ફલાય ઓવરની કામગીરી સાથે બ્રિજના નવા સ્ટ્રકચર બનાવાની યોજના પણ હાથ ધરાશે.

## સરગાસણ બ્રિજ ખુલ્લો પણ ગ-0 પાસેનો માર્ગ બ્લોક : વાહનચાલકોમાં આક્રોશ

### ગ માર્ગ પરથી એન્ટ્રી એક્ઝિટ નહીં મળતા વાહનચાલકો ગોથે ચઢે છે : ઘ- ૦ અને સરગાસણ ફ્લાય ઓવર વચ્ચેનો મિટીંગ પોઇન્ટ હોવાના લીધે અકસ્માત ન થાય તેવા હેતુથી ગ માર્ગ પરની સર્વિસ રોડ પરથી જ રાખવામાં આવી છે

ગાંધીનગર તા ૯

ચિલોડા સરખેજ હાઈવેને અનુલક્ષી બે દિવસ અગાઉ જ ઘ-0 અને સરગાસણ ઓવરબ્રિજનુ લોકાર્પણ કરાયુ છે. પરંતુ હાલ ગ માર્ગ પરથી સીધા મુખ્યમાર્ગ પર જવાનો ક્રોસ કન્કેશન આપવામાં આવ્યુ નથી આ માર્ગ બ્લોક કરી દેવાયો છે. જેના લીધે હાલ સર્વિસ રોડ પરથી વાહનોની અવરજવર થાય છે. બન્ને બ્રિજ વચ્ચેનો આ મિટીંગ પોઈન્ટ હોવાના લીધે અકસ્માત ન થાય તે માટે આ ગ માર્ગ પર મુખ્યમાર્ગ પરથી સીધી એન્ટ્રી આપવામાં આવી નથી. ત્યારે આ સ્થિતિ વચ્ચે વાહનચાલકો સર્વિસ રોડ પર રોંગ સાઈડમાં જતા હોવાથી પણ માર્ગ સલામતી જોખમાઈ છે.

ઘ-0 અને સરગાસણ ફ્લાય ઓવર ખુલ્લો મુકી દેવાયા બાદ બ્રિજ પરથી રોજબરોજ સડસડાટ વાહનો દોડતા નજરે પડે છે. ચિલોડા સરખેજ હાઈવેને સિકસલેન બનાવવાના મહત્વકાંક્ષી પ્રોજેકટ અન્વયે લાંબા સમયથી આ બન્ને બ્રિજને અનુલક્ષી આખરી તબક્કાની કામગીરી ચાલતી હતી આખરે આ બન્ને ફલાય ઓવરનુ લોકાર્પણ કરી દેવાતા ટ્રાફિકની અવરજવર સરળ બની છે. સરગાસણ ચોકડી અને ઘ-0 પાસે થતા ટ્રાફિક જામની સમસ્યાનો અંત આવ્યો છે. બીજીતરફ ગ -0 પાસે વાહનચાલકો માટે ભુલભુલૈયા જેવી સ્થિતિ થઈ છે. ગ-0 પોઈન્ટ પરથી મુખ્ય બ્રિજ પર જવાનો રસ્તો ન મળતા વાહનચાલકો ગોથે ચઢે છે. જયારે બ્રિજના મુખ્યમાર્ગ પરથી ગ માર્ગ તરફ જવાનો રસ્તો પણ બંધ છે. અલબત્ત વાહનચાલકો સરગાસણ તરફ રોંગ સાઈટમાં જતા હોવાથી માર્ગ સલામતી જોખમાય છે. સુત્રોના જણાવ્યા મુજબ આ ક્રોસ પોઈન્ટને છે. આ ટી જંકશન એ પ્રકારે અકસ્માત ઝોન પુરવાર થાય તેમ છે. માટે ગ માર્ગ પરથી સીધી મુખ્ય માર્ગને અનુલક્ષી એન્ટ્રી એક્ઝિટ



વાહનચાલકોએ સરગાસણથી જ સર્વિસ માર્ગ પર આવી જવુ પડે છે. તેમાંય ગ-0 થી નિકળતા ખુલ્લો મુકવામા ંઆવશે નહીં અલબત્ત ઘ-0 અને સરગાસણ બ્રિજ વચ્ચેનો આ મિટીંગ પોઈન્ટ આપવામાં આવી નથી. પરંતુ ગ માર્ગ પર પ્રવેશ લેવા માટે

● અનુસંધાન પાન-૭ પર


**Gujarat State Petronet Limited**

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2021**

(Rs. in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | | Consolidated Results | | |
|---|---|---|---|---|---|---|---|
| | | Quarter ended 30.06.2021 (Unaudited) | Year ended 31.03.2021 (Audited) | Quarter ended 30.06.2020 (Unaudited) | Quarter ended 30.06.2021 (Unaudited) | Year ended 31.03.2021 (Audited) | Quarter ended 30.06.2020 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 53,103.27 | 2,14,869.07 | 46,771.16 | 3,50,585.88 | 11,81,713.50 | 1,54,829.49 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 31,612.29 | 1,24,668.62 | 27,478.90 | 95,094.30 | 2,89,710.28 | 34,965.06 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax)) | 31,612.29 | 1,24,668.62 | 27,478.90 | 97,196.13 | 2,93,559.49 | 34,109.19 |
| 4 | Net Profit/(Loss) for the period after tax and Exceptional items before discontinued operations | 23,327.75 | 93,068.55 | 20,102.43 | 72,794.63 | 2,19,241.26 | 24,813.70 |
| 5 | Net Profit/(Loss) for the period after tax from Discontinued Operations | (136.60) | (644.22) | (166.54) | - | - | - |
| 6 | Net Profit/(Loss) for the period after tax from Continuing and Discontinued Operations | 23,191.15 | 92,424.33 | 19,935.89 | 72,794.63 | 2,19,241.26 | 24,813.70 |
| 7 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 23,245.89 | 93,447.70 | 19,865.59 | 72,465.69 | 2,20,532.31 | 24,762.37 |
| 8 | Equity Share Capital(face value of Rs. 10/- each) | 56,421.14 | 56,421.14 | 56,414.35 | 56,421.14 | 56,421.14 | 56,414.35 |
| 9 | Reserves(excluding Revaluation Reserve as shown in Balance Sheet) | - | 6,98,078.94 | - | - | 5,82,656.22 | - |
| 10 | Earnings per share(EPS) for the Period from Continuing and Discontinued Operations | | | | | | |
| | a) Basic EPS (Rs.) | 4.11 | 16.38 | 3.53 | 9.03 | 28.48 | 3.92 |
| | b) Diluted EPS (Rs.) | 4.11 | 16.38 | 3.53 | 9.03 | 28.48 | 3.92 |
| | (face value of Rs. 10/- each) (not annualised for the quarter) | | | | | | |

**Notes: 1** The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **2** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on August 09, 2021. **3.** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

Place: Gandhinagar
Date: 9th August, 2021

For and on behalf of Gujarat State Petronet Limited
Anil Mukim, IAS
Chairman and Managing Director







Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com